# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

---

પ્રતિ, તા. ૨૦/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

**લિ.**

**(વિનોદ જૈન)**

મીડિયા કન્વીનર, સુરત

- **વિરોધીઓના છાતીના પાટીયા બેસી જાય તેવી વિશાળ રેલી સાથે વરાછા, સુરત (પશ્ચિમ) અને ઓલપાડ વિધાનસભાના ઉમેદવારોએ ફોર્મ ભર્યા.**
- **ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોનો વિજય મીનમેખ છે : કેન્દ્રિય મંત્રી શ્રી ડૉ. જીતેન્દ્ર સિંઘજી.**
- **અત્ર–તત્ર–સર્વત્ર કેસરીયો માહોલ છવાયો.**
- **કામરેજ, પૂર્વ, ઉત્તર, કરંજ, લિંબાયત, ઉધના, મજુરા, કતારગામ અને ચોર્યાસી વિધાનસભાના ઉમેદવારો આજે વિજય મૂહુર્તમાં ઉમેદવારી નોંધાવશે.**

જ્યાં સુધી નજર જાય ત્યાં સુધી કેસરીયો જ કેસરીયો માહોલ વચ્ચે ભારતીય જનતા પાર્ટીના ૧૬૧–વરાછા વિધાનસભાના લોકપ્રિય ઉમેદવાર કુમારભાઈ કાનાણી, ૧૬૭–સુરત (પશ્ચિમ) વિધાનસભાના લોકલાડીલા ઉમેદવાર શ્રી પૂર્ણેશભાઈ મોદી અને ૧૫૫–ઓલપાડ વિધાનસભાના લોકપ્રિય ઉમેદવાર શ્રી મુકેશભાઈ પટેલ વિજય મૂહુર્તમાં આજે પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

વરાછા રોડ સરથાણા જકાત નાકાથી હજ્જારો બાઈક સાથેની વિશાળ રેલી સાથે ૧૬૧–વરાછા વિધાનસભાના લોકપ્રિય ઉમેદવાર શ્રી કુમારભાઈ કાનાણી ફોર્મ ભરવા માટે રવાના થયા હતા. કેસરીયા ઝંડા, ખેસ, ટોપી, બેનર સાથે ખૂબ મોટી સંખ્યામાં નીકળેલી બાઈક રેલીને જોતા આ વિધાનસભાનું પરિણામ સ્વંય સ્પષ્ટ થઈ ગયું હોય તેવું લાગે છે. ૧૬૧–વરાછા વિધાનસભાના લોકપ્રિય ઉમેદવાર શ્રી કુમારભાઈ કાનાણીનું ઠેર–ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કંકુ–ચોખા, શ્રીફળ, ફુલમાળા, ઢોલ–નગારા, ફટાકડા સાથે વરાછાના ઉમેદવાર શ્રી કુમારભાઈ કાનાણીને ભવ્ય આવકાર આપવામાં આવ્યો હતો. કુમારભાઈ કાનાણીએ મીની બજાર તથા સુરત રેલ્વે સ્ટેશન ખાતે સરદાર સાહેબની પ્રતિમાને ફુલમાળા અર્પણ કરી વંદન કર્યા હતા. ત્યારબાદ ખૂબ મોટી સંખ્યામાં રેલીમાં ઉપસ્થિત કાર્યકર્તાઓનો દિલથી આભાર વ્યક્ત કરી વરાછા વિધાનસભાને કોંગ્રેસ મુક્ત કરવા કાર્યકર્તાઓને આહ્વાન કર્યુ હતું. ત્યારબાદ કુમારભાઈ કાનાણી જિલ્લા સેવા સદન–૨ ખાતે વિજય મૂહુર્તમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. કેન્દ્રિય મંત્રી શ્રી ડૉ. જીતેન્દ્રસિંહજી, શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ગુજરાત સરકારના મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, શહેર મહામંત્રી શ્રી ડૉ. જગદીશ પટેલ સહિતના મહાનુભાવો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

૧૬૭–સુરત (પશ્ચિમ) વિધાનસભાના ઉમેદવાર શ્રી પૂર્ણેશભાઈ મોદી પોતાના હજ્જારો સમર્થકો, કાર્યકર્તાઓ સાથે આજે મક્કાઈ પુલ જય અંબે સોસાયટીથી પગપાળા નાનપુરા જી.આઈ.ડી.સી. કચેરી ખાતે રેલી સ્વરૂપે પહોંચ્યા હતા. ૧૫૦૦ કમળના ફુલ સાથે યુવાનો અને મહિલાઓ જોડાતા આખું વાતાવરણ કમળમય બની ગયું હતું. આ ઉપરાંત ૧૫૦ના લક્ષ્યાંકને સિધ્ધ કરવામાં મહિલાઓનો સિંહફાળો રહેશે તેવા મેસેજ સાથે ૧૫૦ મહિલાઓએ હાથમાં "કમળની મહેંદી" મુકીને રેલીમાં જોડાઈ હતી તેમજ સમાજને એક મેસેજ પુરો પાડયો હતો.

રેલી પુર્વ સુરત (પશ્ચિમ) વિધાનસભાના ઉમેદવાર શ્રી પૂર્ણેશભાઈ મોદીનું વિવિધ સમાજ, સંસ્થાઓ, વેપારી એકમો, મહિલાઓ, સીનીયર સીટીઝનો, યુવાનો

દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી પૂર્ણેશભાઈ મોદીએ તાપી માતાનું પૂજન કર્યુ હતુ તેમજ મક્કાઈ પુલ સર્કલ પર સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને ફુલહાર કરી વંદન કર્યા હતા. શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ડે. મેયર શ્રી શંકરભાઈ ચેવલી, સ્થાનિક કોર્પોરેટરો, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, કાર્યકર્તાઓ સૌ મોટી સંખ્યામાં આ વિજય વિશ્વાસ રેલીમાં જોડાયા હતા.

૧૫૫–ઓલપાડ વિધાનસભાના લોકપ્રિય ઉમેદવાર શ્રી મુકેશભાઈ પટેલ પોતાના સમર્થકો, કાર્યકર્તાઓ સાથે ઓલપાડ ગ્રામ પંચાયત કચેરીથી રેલી આકારે ફોર્મ ભરવા ઓલપાડ મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. ઉમેદવાર શ્રી મુકેશભાઈ પટેલનું ઠેર–ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઢોલ–નગારા, ફટાકડા સાથે વિશાળ સંખ્યામાં નીકળેલી આ રેલીમાં માજી ધારાસભ્ય શ્રી કીરીટભાઈ પટેલ, ધનસુખભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી યોગેશભાઈ પટેલ સહિતના આગેવાનો જોડાયા હતા.

કામરેજ વિધાનસભાના ઉમેદવાર શ્રી વિનુભાઈ ઝાલાવાડીયા, પૂર્વ વિધાનસભાના ઉમેદવાર શ્રી અરવિંદભાઈ રાણા, ઉત્તર વિધાનસભાના ઉમેદવાર શ્રી કાંતિભાઈ બલર, કરંજ વિધાનસભાના ઉમેદવાર શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, લિંબાયત વિધાનસભાના ઉમેદવાર શ્રીમતી સંગીતાબેન પાટીલ, ઉધના વિધાનસભાના ઉમેદવાર શ્રી વિવેકભાઈ પટેલ, મજુરા વિધાનસભાના ઉમેદવાર શ્રી હર્ષભાઈ સંઘવી, કતારગામ વિધાનસભાના ઉમેદવાર શ્રી વિનુભાઈ મોરડીયા અને ચોર્યાસી વિધાનસભાના ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલ આજે વિજય મૂહુર્તમાં ઉમેદવારી નોંધાવશે.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત કેન્દ્રિય મંત્રી શ્રી ડૉ. જીતેન્દ્રસિંહજીએ જણાવ્યું કે આ રેલી નહિ પરંતુ "રેલો" છે. જ્યાં સુધી નજર જાય છે ત્યાં સુધી કેસરીયો જ કેસરીયો માહોલ દેખાઈ રહ્યો છે. સુરતની જનતાનો અભુતપૂર્વ પ્રેમ હંમેશા ભા.જ.પા. સાથે રહ્યો છે અને રહેશે તેથી ભા.જ.પા.ના ઉમેદવારોનો વિજય મીનમેખ છે.